# આજે રાજ્યસભામાં લોકપાલ બિલ પસાર થશે

નવી દિલ્હી,તા. ૧૬

અતિ મહત્વપૂર્ણ અને ભારે ચર્ચા જગાવનાર લોકપાલ બિલને આવતીકાલે રાજ્યસભામાં હાથ ધરવામાં આવશે. રાજ્યસભામાં લોકપાલ બિલ અંગે ઉભી થયેલી મડાગાંઠનો અંત લાવવા આવતીકાલે ચર્ચા હાથ ધરવામાં આવનાર છે. તેના પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. આજે લોકપાલ બિલના મામલે ગુંચને દૂર કરવા રાજ્યસભાના અધ્યક્ષ હમિદ અંસારીએ સર્વપક્ષીય બેઠક બોલાવી હતી. આ બેઠકમાં પણ સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજપાર્ટીના સભ્યો ઉપસ્થિત રહ્યા ન હતા. જો કે અન્યો રાજ્યસભામાં લોકપાલ બિલને પસાર કરવા ટેકો આપવા માટે સહમત થઈ ગયા હતા. ગઈકાલે કોંગ્રેસના વરિષ્ઠનેતા શિશરામ ઓલાના અવસાના કારણે આજે બંને ગૃહોમાં કામગીરી હાથ ધરી શકાઈ ન હતી. મુખ્યવિરોધપક્ષ ભાજપે કહ્યુ છે કે લોકપાલ બિલ પસાર થાય તેમ અમે ઈચ્છીએ છીએ. જો કે સમાજવાદી પાર્ટી હજુ પણ નારાજ છે અને આ બિલનો વિરોધ કરવા માટે તૈયાર છે. રાજ્યસભામાં પણ વિરોધ કરવામાં આવશે. પત્રકારો સાથે વાતચીત કરતા સંસદીય બાબતોના પ્રધાન કમલનાથે કહ્યુ હતુ કે આજે યોજાયેલી બેઠકમાં જે પાર્ટી ઉપસ્થિત રહી હતી તે પાર્ટીના નેતાઓએ આવતીકાલે રાજ્યસભામાં લોકપાલ બિલ પસાર કરવા સહમતિ દર્શાવી હતી. મૂળભૂતરીતે આ બિલ શુક્રવારના દિવસે રાજ્યસભામાં રજુ કરાયુ હતુ પરંતુ ચર્ચા હાથ ધરી શકાઈ ન હતી કારણ કે સમાજવાદી પાર્ટીએ ભારે ધાંધલ ધમાલ મચાવી હતી. આ બિલ આજે પણ હાથધરી શકાયુ ન હતુ કારણ કે ગૃહની કામગીરી ગઈકાલે અવસાન પામેલા શિશરામ ઓલાને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ મોકુફ કરી દેવામાં આવી હતી. લોકપાલ બિલ મામલે મડાગાંઠનો અંત લાવવા આજે સાંજે ચાર વાગ્યે સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી. સરકારે કહ્યુ છે કે સંસદના વર્તમાન સત્રમાં લોકપાલ બિલને પસાર કરવાની ખાતરી અંગે તમામ પ્રયાસો કરાશે.



## હવે સપાને રાજી કરવાની જવાબદારી કોંગ્રેસની છે

ચેન્નઈ,તા. ૧૬

સંસદના શિયાળુ સત્રમાં લોકપાલ બિલ પસાર કરવા કોંગ્રેસ પાર્ટી કટિબદ્ધ નથી તેવો આક્ષેપ કરીને ભાજપે આજે કહ્યુ હતુ કે યુપીએ સરકારની સમાજવાદી પાર્ટીને સમજાવી લેવાની જવાબદારી છે. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા નિર્મલા સિતારામને પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે સમાજવાદી પાર્ટી યુપીએને બહારથી ટેકો આપનાર પાર્ટી છે જેથી કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએની આ બિલ અંગે સમાજવાદી પાર્ટીને મનાવી લેવાની જવાબદારી છે. આ જ કારણસર અમે કહી રહ્યા છીએ કે કોંગ્રેસ આ બિલને પસાર કરવા કટિબદ્ધ નથી. તેમણે ઉમેર્યુ હતુ કે મુલાયમસિંહ યાદવના પ્રતિનિધિઓના મતને લઈને તેઓ કેટલાક મુદ્દાઓ ધરાવે છે. પસંદગી સમિતિના ભાગરૂપે કોણ હતા. કેન્દ્ર સરકારે શુક્રવારના દિવસે લોકપાલ મામલે હળવું વલણ અપનાવ્યુ હતુ. પરંતુ સમાજવાદી પાર્ટીએ ભારે હોબાળો મચાવ્યો હતો જેથી કામગીરી આગળ વધી શકી ન હતી. ભાજપના નેતાએ આશા વ્યક્ત કરી હતી કે આ સેશન્સમાં આ બિલ પસાર થઈ જશે. દિલ્હીમાં ત્રિશંકુ વિધાનસભાની સ્થિતિ અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યુ હતુકે પરિણામો બાદ ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી છે પરંતુ સરકાર રચવા માટે અમારી પાસે સભ્યો નથી. અમે હોર્સ ટ્રેડિંગમાં પડવા માંગતા નથી. કેજરીવાલે ઉપરાજ્યપાલ પાસેથી ૧૦ દિવસની મહેતલ માંગી છે તેવુંઅમને જાણવા મળ્યુ છે. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી માટે તમિળનાડુમાં તેમની પાર્ટીના ગઠબંધન અંગે તેમણે ઉમેર્યુ હતુ કે ભાજપે તમિળનાડુમાં જોડાણ માટે સત્તાવારરીતે કોઈ પ્રયાસો હાથ ધર્યા નથી. જો કોઈ વ્યક્તિ સંપર્ક કરશે તો અમે આ દિશામાં વિચારણા કરીશું. ડીએમકેના વલણ અંગે તેમણે કહ્યુ હતુ કે ચોક્કસ પાર્ટી સાથે ગઠબંધન અંગે નિર્ણય કરવાની જવાબદારી દરેક પાર્ટીની છે. જેડીયુએ પણ લોકપાલ બિલને ટેકો આપવાની તૈયારી દર્શાવી છે. નીતિશકુમારે આજે આ અંગેની જાહેરાત કરી હતી.

# કોંગ્રેસ પ્રધાનમંત્રી પદ માટે રાહુલને પ્રોજેક્ટ કરશે

### ૧૭ જાન્યુઆરીએ એઆઈસીસીની બેઠકમાં જાહેરાત થઈ શકે : ચાર રાજ્યોમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં પક્ષની કારમી હાર બાદ તમામ પાસા ઉપર ચર્ચા થશે : લોકસભા ચૂંટણી માટે વ્યૂહરચના વિચારાશે

નવી દિલ્હી,તા. ૧૬

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદરવા નરેન્દ્ર મોદી સામે રાહુલ ગાંધીને




મેદાનમાં ઉતારવાની તૈયારી કોંગ્રેસ પાર્ટી દ્વારા કરી લેવામાં આવી છે. વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા મુજબ ૧૭મી જાન્યુઆરીના દિવસે દિલ્હીમાં યોજાનારી એઆઈસીસીની બેઠકમાં રાહુલ ગાંધીને કોંગ્રેસના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવશે. સામાન્ય ચૂંટણીને લઈને ચાલી રહેલી અટકળોનો અંત લાવતા કોંગ્રેસ હવે રાહુલ ગાંધીને મેદાનમાં ઉતારવાની તૈયારી કરી ચૂકી છે. રાહુલના નામની જાહેરાતને લઈને કોંગ્રેસના નેતાઓ સીધીરીતે કોઈ વાત કરવાની સ્થિતિમાં નથી પરંતુ આ મહત્વપૂર્ણ બેઠકને સમર્થન આપતા કહેવામાં આવ્યુ છે કે ૨૦૧૪ની ચૂંટણી માટે મોટો નિર્ણય લેવામાં આવી શકે છે. તાજેતરમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર ખાધા બાદ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીને લઈને મંથનની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. પાર્ટીના મોટાભાગના નેતાઓ માને છેકે કોંગ્રેસ પણ

ભાજપની જેમ ભાવિ વડાપ્રધાન ચહેરાને મેદાનમાં ઉતારે તે જરૂરી છે. રાહુલ ગાંધીના નામની જાહેરાત વહેલીતકે થાય તે શક્યતા છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયાગાંધી પણ વિધાનસભાની ચૂંટણીમાં પક્ષને હાર મળ્યા બાદ આ અંગેનો સંકેત આપી ચુક્યા છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, દિલ્હી અને છત્તીસગઢમાં કોંગ્રેસને હાલમાં હારનો સામનો કરવો પડ્યો હતો. કારમી હાર બાદ સોનિયા ગાંધીએ કહ્યુ હતુ કે યોગ્ય સમયે વડાપ્રધાન પદના ઉમેદવારની જાહેરાત કરાશે. ૧૭મી જાન્યુઆરીના દિવસે આ અંગેની જાહેરાત થઈ શકે છે. ૧૭મી જાન્યુઆરીએ એઆઈસીસીની બેઠક યોજનાર છે. ઐયરનું કહેવું છે કે આ મોટી બેઠક બોલાવવામાં આવી છે જેમાં હાલના ઘટનાક્રમ અને પરિસ્થિતિ પર ચર્ચા વિચારણા કરાશે.

# ચુરુની બેઠક પર ભાજપની ભવ્ય જીત : સીટ ૧૬૩ થઈ

નવી દિલ્હી,તા. ૧૬

રાજસ્થાનના ચુરુ વિધાનસભા ક્ષેત્રમાંથી ભાજપના રાજેન્દ્રસિંહ રાઠોડે પોતાના નજીકના હરીફ કોંગ્રેસના મકબુલ મંડેલિયાને ૨૩૦૦૦ના મતે હાર આપી છે. ૧૩મી ડિસેમ્બરના દિવસે મતદાન બાદ આજે સવારે મતગણતરીની પ્રક્રિયા હાથ ધરાઈ હતી અને રાઠોડે શરૂઆતથી જ લીડ મેળવી લીધી હતી. ચુરુમાં બસપ ઉમેદવારના મોતના કારણે અહીં ૧૩મી ડિસેમ્બરના દિવસે મતદાન યોજાયુ હતુ. રાઠોડ છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં તારાનગરમાંથી ધારાસભ્ય તરીકે હતા. આ વખતે તેઓ ચુરુમાંથી મેદાનમાં ઉતર્યા હતા. ચુરુની બેઠક



જીતવાની સાથે જ ભાજપની સીટ વધીને ૨૦૦ પૈકી ૧૬૩ થઈ ગઈ છે. રાઠોડને ૮૪૧૦૦ મત મળ્યા હતા જ્યારે મકબુલને ૬૦૦૯૮ મત મળ્યા હતા. મુખ્યમંત્રી વસુંધરા રાજેના નજીકના વિશ્વાસુ તરીકે રાઠોડને ગણવામાં આવે છે. બસપના ઉમેદવાર જગદીશ મેગવાલનું અવસાન થયા બાદ આ બેઠક ખાલી થઈ હતી. પહેલી ડિસેમ્બરના દિવસે રાજસ્થાનમાં ૧૯૯ બેઠક માટે મતદાન યોજાયુ હતુ જેમાં ભાજપે જોરદાર સપાટો બોલાવીને જીત મેળવી હતી અને ૧૬૨ બેઠકો જીતી લીધી હતી. કોંગ્રેસે ૨૧ બેઠકો જીતી હતી. બસપને ૩ બેઠકો મળી હતી. ચૂંટણીમાં અન્ય સાત ઉમેદવાર પણ મેદાનમાં હતા પરંતુ તેમનો દેખાવ ખૂબ નબળો રહ્યો છે જેથી તેમની સંપત્તિ ડૂલ થઈ ગઈ છે.

# સાંસદોને ગેરલાયક સંદર્ભે અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

નવી દિલ્હી,તા. ૧૬

સુપ્રીમ કોર્ટે સાંસદો અને ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાના સંદર્ભમાં દાખલ કરવામાં આવેલી અરજીને આજે ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવેલી અરજીમાં માંગ કરવામાં આવી હતી કે અપરાધી ઠેરવવામાં આવેલા સાંસદો અને ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા અંગેનો તેનો ચુકાદો અમલી બનાવવામાં આવે. ચૂકાદા પહેલા ગંભીર ગુનાઓમાં દોષિત જાહેર થયેલાઓના કેસમાં પણ આ આદેશને અમલી બનાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. એનજીઓ લોકપ્રહરીએ બે જુદી જુદી અરજીઓ દાખલ કરીને ૧૦મી જુલાઈના દિવસે આપવામાં આવેલા સુપ્રીમ કોર્ટના આદેશમાં સુધારા કરવાની માંગ કરી હતી. આ આદેશમાં સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે ચૂકાદો જાહેર કરવામાં આવતા પહેલા અપરાધી ઠેરવવામાં આવી ચુકેલા સંસદ સભ્યો અને ધારાસભ્યોને લાગૂ પડશે નહીં. બીજી અરજીમાં ફોજદારી કેસોમાં દોષિત જાહેર કરવામાં આવવા બદલ આરજેડીના નેતા લાલુ પ્રસાદ યાદવ અને કોંગ્રેસી નેતા રશીદ મસુદની સંસદીય બેઠક ખાલી છે જેવી જાહેરાત કરવા સત્તાવાળાઓને આદેશ કરવાની પણ માંગ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે આ અરજીને પણ ફગાવી દીધી હતી. સુપ્રીમે કહ્યુ હતુકે સંબધિત ગૃહોમાંથી તેમને ગેરલાયક જાહેર કરવા માટે જાહેરનામુ જારી કરવામાં આવી ચુક્યુ છે. લાલુ યાદવે ઘાસચારા કૌભાંડ કેસમાં ૩૦મી સપ્ટેમ્બરના દિવસે અપરાધી ઠેરવવામાં આવ્યા હતા ત્યારે મસુદને મેડિકલ કૌભાંડ કેસમાં અપરાધી ઠેરવવામાં આવ્યા હતા. આ બંને હાલમાં જામીન પર છે. એનજીઓએ કહ્યુ હતુ કે ૨૭ સાંસદો અને ધારાસભ્યો જે અપરાધી ઠેરવવામાં આવી ચુક્યા છે તે હજુ પણ સભ્ય તરીકે ચાલુ છે.

# રેપના કેસોમાં હાલમાં ચિંતાજનક રીતે વધારો

નવી દિલ્હી,તા. ૧૬

દિલ્હીમાં ગયા વર્ષે ૧૬મી ડિસેમ્બરના સામૂહિક બળાત્કારના બનાવની આજે વરસી છે. પરંતુ કમનસીબ બાબત એ છે કે એ કમકમાટીપૂર્ણ ભરી ઘટના બાદ પણ નરાધમો બોધપાઠ લઈ રહ્યા નથી અને આ ઘટના બાદ પણ રેપના કેસો ઘટવાના બદલે સતત વધી રહ્યા છે. દિલ્હીમાં મહિલાઓની સામે રેપ સહિત અપરાધો ઘટવાના બદલે સતત વધી રહ્યા છે. છેલ્લા ૧૩ વર્ષના ગાળામાં આ વર્ષે રેપના કેસ વધારે નોંધાયા છે. દિલ્હી પોલીસના આંકડાના જણાવ્યા મુજબ રાષ્ટ્રીય પાટનગરમાં ૩૦મી નવેમ્બર સુધી રેપના કુલ ૧૪૯૩ કેસ નોંધવામાં આવ્યા હતા. જે વર્ષ ૨૦૧૨માં આ જ ગાળામાં નોંધાયેલા કેસની સરખામણીમાં બે ગણા છે. રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યુરોના રેકોર્ડ ઉપર નજર કરવામાં આવે તો જાણવા મળશે કે ૯૪ ટકા બળાત્કાર પીડિતોના સગાસંબંધી દ્વારા જ કરવામાં આવે છે. આમાથી ૩૦ ટકા કેસ ૧૯ વર્ષથી નીચેની વયની યુવતી સાથે બને છે. સમાજ જે દિશામાં જઈ રહ્યું છે તે ખૂબ જ ચિંતાજનક બાબત છે અને આમા વધુ ધ્યાન આપવાની જરૂર છે. દર વર્ષે નિર્ભયાની વરસી આવશે અને તેની ઘટનાને યાદ કરવામાં આવશે પરંતુ પ્રયાસ એ થવા જોઈએ કે ભારત સેવા સભ્ય સમાજમાં આ પ્રકારની ઘટનામાં ઘટાડો નોંધાય. સમાજ વધુ જાગૃત બને. હેવાન બનતા પહેલાં માનવીય અને માનવતાની કેટલીક બાબતોને ધ્યાનમાં લેવામાં આવે તે ખૂબ જરૂરી છે.

# ઘણા ચાવીરૂપ-ઉપયોગી બિલ લેપ્સ થાય તેવી પ્રબળ શક્યતા

નવી દિલ્હી,તા.૧૬

સંસદનું શિયાળુ સત્ર હાલમાં ચાલી રહ્યુંછે પરંતુ ઘણા ચાવીરૂપ બીલ વર્તમાન લોકસભાની અવધી પૂર્ણ થઈ ગયા બાદ પેન્ડીંગ રહી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. સંસદમાં જુદા જુદા મુદ્દાઓને લઈને ભારે ધાંધલ ધમાલ ચાલી રહી છે. આવી સ્થિતિમાં યુપીએ-૨ના ગાળા દરમિયાન નીચલા ગૃહમાં રજૂ કરવામાં આવેલા કેટલાક ચાવરૂપ પગલાં માટેના ૧૯ બિલનું ભાવિ અદ્ધરતાલ દેખાઈ રહ્યું છે. આ બિલ વર્તમાન લોકસભાની અવધીની પૂર્ણાહૂતિની સાથે લેપ્સ થઈ જાય તેવી શક્યતા છે. નવા નિયમો મુજબ લોકસભામાં રજૂ કરવામાં આવેલા બિલ એક વખતે ગૃહની અવધિ પૂરી થઈ ગયા બાદ લેપ્સ થઈ જાય છે. જો કે રાજ્યસભાના બિલમાં આવી કોઈ એક્સપાયરી તારીખ હોતી નથી. કારણ કે ઉપલા ગૃહમાં કોઈ નિશ્ચિત અવધી હોતી નથી. ૧૪મી અથવા છેલ્લી લોકસભા ૨૦૦૪-૨૦૦૯માં ૩૯ બિલ લેપ્સ થયા હતા. યુપીએ-૨ સરકારે કંપની બિલ જેવા કેટલાક બિલ ફરી રજૂ કર્યા હતા. વર્તમાન વ્યવસ્થામાં વટહુકમ લાવવાનો વિકલ્પ છે પરંતુ આ ટૂકાગાળાના રૂટને લઈને ઘણી વખત જોરદાર વિરોધ થતાં રહ્યા છે. આ વખતે ફણ આવી સ્થિતિ સર્જાઈ રહી છે.

ઘણા બિલના અસ્તિત્વ સામે સંકટ તોળાઈ રહ્યું છે. આ યાદીમાં ડાયરેક્ટ ટેક્સ કોર્ડ બિલનો સમાવેશ થાય છે જેમાં ઘણા બધા ટેક્સ સુધારાઓનીજોગવાઈ છે. આ ઉપરાંત પ્રવેન્સન ઓફ બ્રાઈબ ઓફ ફોરેન પબ્લિક ઓફિસિયર્સ બિલનો સમાવેશ થાય છે. યુપીએના આંતરિક લોકોનું કહેવું છે કે વહેલી તકે બિલને પસાર કરવામાં આવે તે જરૂરી છે. આવા બિલ લેપ્સ થવાની સ્થિતિમાં કોંગ્રેસની પ્રતિષ્ઠાને ફટકો પડશો. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ વારંવાર મહત્વપૂર્ણ બિલની વાત કરી છે. યુપીએ કમસેકમ લોકપાલ બિલ પાસ કરવા ઉત્સુક છે. ૧૫મી લોકસભાની અવધિ પૂર્ણ થાય તે પહેલાં ચોક્કસ બિલ ઉપર નજર રહેલી છે. આ બિલ પણ લોકસભામાં રજૂ થઈ ચૂક્યું છે. આને પાસ કરવામાં નિષ્ફળતાની સ્થિતિમાં નવી સરકારને નવેસરથી વિચારણા કરવી પડશે.

# લાલુ યાદવ જામીન મળ્યા બાદ જેલમાંથી મુક્ત થયા

રાંચી,તા.૧૬

રાંચીની બીરસા મુંડા જેલમાંથી મુક્ત થયા બાદ આજે બિહારના પૂર્વ મુખ્યમંત્રી અને આરજેડીના નેતા લાલુ પ્રસાદ યાદવે કહ્યુ હતુ કે ન્યાયતંત્ર પર તેમને પૂર્ણ વિશ્વાસ હતો. આજે તેમને જામીન મળ્યા છે તેના કારણે આવી વાત કરી રહ્યા નથી. શરૂઆતથી જ તેમના પરિવારને ન્યાયતંત્ર પર વિશ્વાસ રહ્યો છે. લાલુ યાદવે જામીન પર મુક્ત થયા બાદ રાહતનો દમ લીધો હતો અને કહ્યુ હતુ કે તેઓ તેમના કાર્યકરોનો પણ આભાર માને છે. તમામ ધર્મનિરપેક્ષ પાર્ટી એક મંચ પર આવીને આગળ વધે તે જરૂરી છે. કોંગ્રેસની હારના સંદર્ભમાં પ્રતિક્રિયા કરતા લાલુએ કહ્યુ હતુકે હાર-



જીત રાજકારણમાં થતી રહે છે. જેલના અનુભવ અંગે કહ્યુ હતુકે જેલ અમારા દેશમાં ભગવાન કૃષ્ણની જન્મભૂમિ છે જેથી તેઓ આને ખરાબ ગણતા નથી. લાલુએ નરેન્દ્ર મોદીને પડકાર ફેંકતા કહ્યુ હતુ કે તેઓ મેદાનમાં જવા માટે તૈયાર છે. સીબીઆઈ પર પક્ષપાત કરવાનો પણ લાલુએ આક્ષેપ કર્યો હતો. આ પ્રસંગે જેલની બહાર લાલુના મોટી સંખ્યામાં સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રિય તપાસ બ્યુરોની ખાસ અદાલતે ૨૫-૨૫ હજાર રૂપિયાની બે બાંહેધરીના આદેશ પર મુક્ત કરવાનો આદેશ કર્યો હતો. કોર્ટે યાદવને જામીન આપતીવેળા કેટલીક શરતો લાદી છે જેમાં વિદેશ જવાની સ્થિતિમાં પહેલા કોર્ટની મંજુરી લેવા કહેવામાં આવ્યુ છે. ૧૩મી ડિસેમ્બરના દિવસે સુપ્રીમ કોર્ટે લાલુ યાદવને જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યો હતો. લાલુ યાદવ ઘાસચારા કૌભાંડના એક કેસમાં ૩૦મી સપ્ટેમ્બરથી જેલમાં હતા. લાલુ યાદવને ત્રીજી ઓક્ટોબરના દિવસે આ મામલામાં સજા ફટકારવામાં આવી હતી. લાલુ યાદવ ઉપર ઉચાપતનો આક્ષેપ થયો હતો અને ઘણા સમયથી તેઓ કાયદાકીય સકંજાનો સામનો કરી રહ્યા હતા. લાલુ યાદવ જેલમાંથી મુક્ત થતા તેમની પાર્ટી આરજેડીને મોટી રાહત થઈ છે.

# ભારત ૪ ઝડપી બોલર સાથે મેદાનમાં ઉતરવા માટે તૈયાર

જોહાનિસબર્ગ,તા.૧૬

જોહાનિસબર્ગમાં ૧૮મી ડિસેમ્બરથી શરૂ થતી પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચને લઈને ટીમ ઇન્ડિયા દ્વારા આક્રમક વ્યૂહરચના ઉપર વિચારણા ચાલી રહી છે. ભારતીય ટીમ પરંપરાગત રણનીતિથી દૂર હટીને ચાર ઝડપી બોલરો સાથે મેદાનમાં ઉતરે તેવી શક્યતા છે. યજમાન બેટ્સમેનોને તેમના જ અંદાજમાં જવાબ આપવાની તૈયારી હાથ ધરવામાં આવી છે. સામાન્ય રીતે ભારતીય ટીમ વિદેશી મેદાન ઉપર ત્રણ ઝડપી બોલરો અને એક સ્પીનર સાથે મેદાનમાં ઉતરવાની રણનીતિ પસંદ કરે છે પરંતુ જોહાનિસબર્ગમાં સ્થિતિમાં ફેરફાર થઈ શકે છે. દક્ષિણ આફ્રિકાએ આ જ મેદાન ઉપર પ્રથમ વન-ડે મેચમાં પાંચ ઝડપી બોલરોને મેદાનમાં ઉતારીને ભારતીય બેટ્સમેનોને ધારાશાયી કરી દીધા હતા. બીજી વન-ડે મેચમાં પણ ભારતીય બેટ્સમેનો દક્ષિણ આફ્રિકાના ઝડપી બોલરો સામે ફ્લોપ રહ્યા હતા.



બીજી વન-ડેમાં ભારતીય બેટ્સમેનોને નિષ્ફળતા સપાટી ઉપર આવી ગઈ હતી. ત્રીજી વન-ડેમાં ભારતીય ઝડપી બોલર ઇશાંત શર્મા અને મોહમંદ સમીએ ક્રમશ ૪ અને ત્રણ વિકેટ લઈને દક્ષિણ આફ્રિકી બેટ્સમેનોને હેરાન કર્યા હતા. આવી સ્થિતિમાં આફ્રિકી ટીમ સામે હવે ટીમ ઇન્ડિયા ચાર ઝડપી બોલર સાથે મેદાનમાં ઉતરે તેવી શક્યતા દેખાઈ રહી છે. ભારતીય ટીમમાં લાંબાગાળા બાદ ઝહિર ખાનનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઝહિરના નામ ઉપર દક્ષિણ આફ્રિકાના કેપ્ટન સ્મિથને તમામ પ્રકારના આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૩ વખત આઉટ કરવાનો રેકોર્ડ છે. ઝહિર ખૂબ અનુભવ ધરાવે છે. જ્યારે ઇશાંતની બોલિંગ અસરકારક દેખાઈ રહી છે. ભારત પાસે સ્પીનર રવિચંદ્ર અશ્વિન અને લેપ્ટ આર્મ સ્પીનર પ્રજ્ઞાન ઓઝાના સ્વરૂપમાં બે સ્પીનરો છે પરંતુ બંનેને અંતિમ ઇલેવનમાં સ્થાન મળે તેવી શક્યતા ઓછી છે.

અશ્વીનનો દેખાવ ખૂબ જ નબળો રહ્યો છે. ઓઝા હજુ સુધી રમ્યો નથી. સમી છેલ્લી મેચમાં પોતાનો દેખાવ અને ગતિના પરિણામ સ્વરૂપે સ્થાન મેળવી શકે છે પરંતુ ચોથા બોલર માટે ઉમેશ અને ભુવનેશ્વર વચ્ચે સ્પર્ધા રહેશે. ઉમેશને ગતિના કારણે પ્રાથમિકતા મળી શકે છે પરંતુ મેરઠના ભુવનેશ્વરને તેના સ્વીંગના કારણે સ્થાન મળી શકે છે. ગતિ અને સ્વિંગ પૈકી કોને પ્રાથમિકતા આપવામાં આવે તે અંગે નિર્ણય મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવશે. રવિચંદ્ર અશ્વિનનો વન-ડે શ્રેણીમાં ફ્લોપ શો રહ્યો છે. તે ૧૭૦ રન આપીને માત્ર એક જ વિકેટ લઈ શક્યો છે.

# કોમવાદી પરિબળોને રોકવા સપા સજ્જ છે

લખનૌ,તા. ૧૬

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે આજે કહ્યુ હતુ કે લોકસભાની ચૂંટણી દરમિયાન કોમવાદી દળો સામે લડવા સમાજવાદી પાર્ટીએ કમરકસી લીધી છે.

તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટી કોમવાદી પરિબળો સામે લડવામાં નિષ્ફળ ગઈ છે. તેમણે કહ્યુ હતુ કે માત્ર સમાજવાદી પાર્ટી અને ઉત્તરપ્રદેશ જ કોમવાદી પરિબળોને રોકી શકે છે. આગામી



લોકસભાની ચૂંટણીમાં તમામ નજર સમાજવાદી પાર્ટી પર કેન્દ્રિત થઈ ગઈ છે. મુખ્યમંત્રીએ કહ્યુ હતુ કે કોમવાદી પરિબળોને રોકવાની બાબત સમાજવાદી પાર્ટીના એજન્ડામાં છે. સરકાર, સંસ્થા અને સંગઠન આ દિશામાં કામ કરશે. યાદવે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે રાજસ્થાન, છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને દિલ્હીમાં કોંગ્રેસનો સફાયો થયો છે. મુજફ્ફરનગર રમખાણનો ભોગ બનેલા લોકો માટેના રાહતકેમ્પમાં બાળકના મોત સંદર્ભે તેમણે કહ્યુ હતુ કે સરકાર તમામ મદદ કરી રહી છે. અહેવાલના આધાર પર વધુ પગલા પણ લેવામાં આવશે. સરકાર દરેક ક્ષેત્રમાં વિકાસની દિશામાં આગળ વધી રહી છે.